# GST આવકમાં ગુજરાતની રૂ. 1,22,222 કરોડ સાથે હરણફાળ

**રાષ્ટ્રીય** સરેરાશ કરતાં જીએસટીની આવકમાં બમણાથી વધુ વૃદ્ધિ

ગાંધીનગરઃ રાજ્યમાં કરવેરાના દરોમાં ઘટાડા છતાં ગુજરાતની કર આવકમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે. સપ્ટેમ્બર-2026માં રાજ્યને GST હેઠળ રૂ. 8,167 કરોડની આવક થઈ છે, જે ગત વર્ષના સમાન મહિનાની રૂ. 6,050 કરોડની આવક કરતાં 35 ટકા વધુ છે. રાષ્ટ્રીય સ્તરે GST આવકનો વૃદ્ધિદર 14.7 ટકા રહ્યો છે, જ્યારે ગુજરાતે 35 ટકાની વૃદ્ધિ નોંધાવી છે. રાજ્યમાં વેપાર-ઉદ્યોગની મજબૂત સ્થિતિ અને કરદાતાઓના સ્વૈચ્છિક કરપાલનમાં વધારાને આ વૃદ્ધિ સાથે જોડવામાં આવી રહી છે. બીજી તરફ, રાજ્યના ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને રાહત આપવા માટે સોલાર રૂફટોપ પર વધારાની રાજ્ય સહાય, શ્રમિકો માટે વધુ અન્નપૂર્ણા કેન્દ્રો અને ગ્રામસેવકોના પ્રવાસ ભથ્થામાં વધારો કરવા સહિતના મહત્વપૂર્ણ નિર્ણયોની કેબિનેટ બેઠકમાં ચર્ચા થઈ હતી.

કેબિનેટ બેઠક બાદ પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ 2026-27ના પ્રથમ છ મહિનામાં, એટલે કે એપ્રિલથી સપ્ટેમ્બર દરમિયાન, ગુજરાતને GST હેઠળ કુલ રૂ. 49,858 કરોડની આવક થઈ છે. ગત વર્ષના સમાન ગાળામાં આ આવક રૂ. 38,540 કરોડ હતી. આમ, છ મહિનામાં GST આવકમાં 29 ટકાનો વધારો નોંધાયો છે. સપ્ટેમ્બર મહિનામાં GST ઉપરાંત VATમાંથી રૂ. 2,930 કરોડ, વીજશુલ્કમાંથી રૂ. 1,102 કરોડ અને વ્યવસાયવેરામાંથી રૂ. 24 કરોડની આવક થઈ છે. આ રીતે રાજ્યને વિવિધ કરવેરા મારફતે એક જ મહિનામાં કુલ રૂ. 12,222 કરોડની આવક પ્રાપ્ત થઈ છે.

## સોલાર રૂફટોપ માટે રાજ્યની વધારાની સહાય

કેબિનેટના મહત્વપૂર્ણ નિર્ણયોમાં સોલાર રૂફટોપ સ્થાપન માટે નાના, મધ્યમવર્ગીય, ગરીબ અને વંચિત પરિવારોને વધારાની રાજ્ય સહાય આપવાનો નિર્ણય સામેલ છે. PM સૂર્ય ઘરઃ મુફત બિજલી યોજના હેઠળ ગુજરાતમાં 8.5 લાખથી વધુ ઘરોમાં સોલાર રૂફટોપ સ્થાપિત થઈ ચૂક્યાં છે. હવે આ યોજનાનો વ્યાપ વધારી વધુ પરિવારોને તેનો લાભ મળે તે માટે રાજ્ય સરકાર અંદાજે રૂ. 1,000 કરોડનો ખર્ચ કરશે. આ નિર્ણયથી ત્રણ લાખથી વધુ પરિવારોને સીધો લાભ મળવાની અપેક્ષા છે. કેન્દ્ર સરકારની સહાય ઉપરાંત રાજ્ય સરકારની સબસિડી મળવાથી સોલાર સિસ્ટમના નિર્ધારિત ખર્ચ સામે સામાન્ય વર્ગના વીજગ્રાહકોએ માત્ર 10 ટકા અને અનુસૂચિત જાતિ-જનજાતિના ગ્રાહકોએ માત્ર 5 ટકા ફાળો આપવાનો રહેશે. બાકીની રકમ કેન્દ્ર અને રાજ્ય સરકારની સહાયથી પૂરી કરવામાં આવશે. આ વ્યવસ્થાથી પરિવારો માટે સોલાર રૂફટોપ સ્થાપિત કરવાનો પ્રારંભિક ખર્ચ ઘટશે અને લાંબા ગાળે વીજળીના ખર્ચમાં રાહત મેળવવાનો માર્ગ ખુલશે.

## ગ્રામસેવકોના પ્રવાસ ભથ્થામાં વધારો

ગ્રામ્ય સ્તરે ખેતીવાડીની કામગીરી અને સરકારી યોજનાઓના અમલીકરણમાં મહત્ત્વની ભૂમિકા ભજવતા ગ્રામસેવકોને પણ રાહત આપવાનો નિર્ણય લેવાયો છે. તેમના માસિક પ્રવાસ ભથ્થામાં રૂ. 1,850થી વધારો કરીને રૂ. 2,700 કરવામાં આવ્યું છે. કૃષિ વિભાગમાં હાલ આશરે 2,900 ગ્રામસેવકો ફરજ બજાવે છે. એક ગ્રામસેવકને સરેરાશ ચારથી પાંચ ગ્રામ પંચાયતોના વિસ્તારોમાં અથવા તેનાથી વધુ વિસ્તારમાં પ્રવાસ કરવો પડતો હોવાથી વધતી કામગીરીને ધ્યાનમાં રાખીને ભથ્થામાં વધારો કરવામાં આવ્યો છે. એકંદરે, કેબિનેટ બેઠકમાં કર આવકમાં વૃદ્ધિ સાથે ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને રાહત, શ્રમિક કલ્યાણ અને ગ્રામ્ય સ્તરે સરકારી યોજનાઓના અમલીકરણને વધુ અસરકારક બનાવતા નિર્ણયો પર ભાર મૂકાયો હતો.

## શ્રમિકો માટે વધુ અન્નપૂર્ણા કેન્દ્રો

શ્રમિક કલ્યાણને પ્રાધાન્ય આપતાં રાજ્યમાં જરૂરિયાત મુજબ વધુ શ્રમિક અન્નપૂર્ણા કેન્દ્રો શરૂ કરવાની તૈયારી પણ સરકારે દર્શાવી છે. તાજેતરમાં રાજ્યભરમાં એકસાથે 101 નવાં અન્નપૂર્ણા કેન્દ્રોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. કેબિનેટ બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સૂચના આપી હતી કે જ્યાં શ્રમિકોની જરૂરિયાત જણાય ત્યાં વધુ કેન્દ્રો શરૂ કરવામાં આવે. આ કેન્દ્રો દ્વારા શ્રમિકોને રાહતદરે ભોજન ઉપલબ્ધ કરાવવાની વ્યવસ્થાને વધુ વિસ્તૃત કરવાનો સરકારનો અભિગમ છે.

# ગુજરાતના ડાયાલિસિસ ટેક્નિશિયનોની લાયકાત સામે કેગના અહેવાલમાં સવાલો

**662** ટેક્નિશિયનની ભરતીમાં 346 કર્મચારીએ ભારત સેવક સમાજનાં પ્રમાણપત્રો રજૂ કર્યાનો દાવો

**દર્દીઓની** સુરક્ષા સામે જોખમની ચિંતા, કોંગ્રેસે તપાસની માંગ કરી

અમદાવાદઃ ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામ હેઠળ હિમોડાયાલિસિસ ટેક્નિશિયનોની ભરતીમાં રજૂ કરવામાં આવેલાં શૈક્ષણિક પ્રમાણપત્રોની માન્યતા અંગે સવાલો ઊભા થવા પામ્યા છે. વર્ષ 2023થી 2025ના કેગના અહેવાલમાં ભારત સેવક સમાજ નામની સંસ્થાનાં પ્રમાણપત્રોની માન્યતા અને તેને લાયકાત માટે સ્વીકારવાના આધાર અંગે પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે. આ મામલે રાજ્ય સરકારને તાત્કાલિક તપાસ કરાવવાની માંગ કોંગ્રેસે કરી છે.

પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડિયાએ જણાવ્યું હતું કે ગુજરાત ડાયાલિસિસ પ્રોગ્રામ હેઠળ 250થી વધુ ડાયાલિસિસ સેન્ટરોમાં કુલ 662 ડાયાલિસિસ ટેક્નિશિયનોની ભરતી કરવામાં આવી છે. આ પૈકી આશરે 52 ટકા એટલે કે 346 જેટલા ટેક્નિશિયનોએ ભારત સેવક સમાજનાં પ્રમાણપત્રો રજૂ કર્યાં હતા. આ પ્રમાણપત્રોને જરૂરી લાયકાત તરીકે માન્ય ગણવા માટેના દસ્તાવેજી પુરાવાના અભાવ અંગે કેગના અહેવાલમાં સવાલો ઉઠાવવામાં આવ્યા છે.

## પ્રમાણપત્રોની માન્યતા અને લાયકાતની ખરાઈ કરવાની માંગ

અગાઉની ભરતીમાં ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહમાં પાસ થવાની સાથે એકથી બે વર્ષનો સંબંધિત ડિપ્લોમા અથવા પ્રમાણપત્ર જરૂરી ગણાતો હતો. આવી સ્થિતિમાં ભરતીમાં રજૂ કરાયેલાં પ્રમાણપત્રો કયા આધારે માન્ય ગણવામાં આવ્યાં અને તેમની ખરાઈ કરવામાં આવી હતી કે નહીં, તે અંગે સ્પષ્ટતા થવી જોઈએ. જો પૂરતી લાયકાત વગરના અથવા અમાન્ય પ્રમાણપત્રોના આધારે ટેક્નિશિયનોની નિમણૂક થઈ હોય તો કિડનીની બીમારીથી પીડાતા દર્દીઓના આરોગ્ય અને સારવારની ગુણવત્તા સામે ગંભીર પ્રશ્નો ઊભા થઈ શકે છે.

## આઉટસોર્સિંગથી ભરતી પ્રક્રિયા સામે પણ સવાલ

ડૉ. પાર્થિવરાજસિંહ કઠવાડિયાએ જણાવ્યું હતું કે IKDRC દ્વારા હાલમાં આઉટસોર્સિંગના માધ્યમથી કરવામાં આવતી ડાયાલિસિસ ટેક્નિશિયનોની ભરતીનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. સંબંધિત સંસ્થા દ્વારા આપવામાં આવતા ઓફર લેટરમાં વિશેષ નોંધરૂપે નિમણૂકના એક વર્ષની અંદર ધોરણ-12 પાસ કરવાની શરત મૂકવામાં આવી છે. શું હવે ડાયાલિસિસ ટેક્નિશિયન તરીકે નિમણૂક પામનારા ઉમેદવારો પાસે શરૂઆતમાં ધોરણ-12ની લાયકાત પણ હોતી નથી? જો આવું હોય તો દર્દીઓની સારવારની ગુણવત્તા અને સુરક્ષા અંગે જવાબદારી કોણ લેશે.

## સરકાર તાત્કાલિક તપાસ કરે

ભારત સેવક સમાજનાં પ્રમાણપત્રો આપતાં કેન્દ્રો અને તેમની માન્યતા અંગે પણ તપાસ કરવાની માંગ કરી હતી. બજારમાં આવા પ્રમાણપત્રો અંગે ગેરરીતિની ફરિયાદો મળતી છે, ત્યારે સરકારને આ મામલે કડક પગલાં લેવા જણાવ્યું હતું. સરકારે ડાયાલિસિસ ટેક્નિશિયનોની ભરતીમાં રજૂ થયેલાં પ્રમાણપત્રોની ખરાઈ કરવી જોઈએ, લાયકાતના નિયમોનું પાલન થયું છે કે નહીં તેની તપાસ કરવી જોઈએ અને જો કોઈ ગેરરીતિ બહાર આવે તો જવાબદારો સામે કાર્યવાહી કરવી જોઈએ.

## MBBS-BDS પ્રવેશના ચોથા સ્ટ્રે વેકેન્સી રાઉન્ડમાં 223 બેઠકની ફાળવણી

અમદાવાદઃ શૈક્ષણિક વર્ષ 2026-27 માટે મેડિકલ અને ડેન્ટલની સ્નાતક કક્ષાની MBBS અને BDS બેઠકો પર પ્રવેશ માટે ચોથા ઓનલાઇન વેકેન્સી રાઉન્ડની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. આ રાઉન્ડમાં કુલ 223 બેઠકની ફાળવણી કરવામાં આવી છે. મેરીટ લિસ્ટમાં સ્થાન ધરાવતા ઉમેદવારો માટે એલોટમેન્ટ અને રિપોર્ટિંગની કામગીરી શરૂ થતાં પ્રવેશ મેળવવા ઇચ્છુક વિદ્યાર્થીઓએ નિયત સમયમર્યાદામાં જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે. પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત ઉમેદવારો ઓનલાઇન અથવા માન્ય બેંક મારફતે ટ્યુશન ફીની ચુકવણી 26 ઓક્ટોબરના રોજ બપોરે 2 વાગ્યા સુધી કરી શકશે. ત્યારબાદ ઉમેદવારોએ તે જ દિવસે સાંજે 5 વાગ્યા સુધી સંબંધિત હેલ્પ સેન્ટર ખાતે રિપોર્ટિંગ કરવાનું રહેશે. રિપોર્ટિંગ દરમિયાન જરૂરી અસલ પ્રમાણપત્રો પણ જમા કરાવવાના રહેશે.

# દુનિયાભરમાં ચાલી રહેલાં Gen Z આંદોલનોમાં ઘણી સમાનતા જોવા મળે છે

આજકાલ તમે તમારા સ્ક્રીન પર ઘણા બધા વિડિયો, રીલ્સ અને શોટ્સ જોતા હશો. એક સમય હતો જ્યારે ભારતની લોકશાહીના ધબકારા ગામડાંની શેરીઓમાં ધૂળ ઉડાવતી રથયાત્રા અને રાજકીય ઝુંબેશો દ્વારા માપવામાં આવતા હતા. આજે ચિત્ર બદલાઈ ગયું છે. હવે, કોઈ પણ દેશમાં થતી ક્રાંતિના પડઘા ફક્ત ખેતરો સુધી મર્યાદિત નથી રહ્યા; તે મોબાઈલના સ્ક્રીન પર પ્રતિબિંબિત થાય છે. એક ટ્રેન્ડિંગ હેશટેગ, થોડીક સેકન્ડનો વાયરલ વિડિયો, એક શક્તિશાળી ઓનલાઈન ભાષણ અને ડિજિટલ નેટવર્ક થકી મોટો ચમત્કાર થાય છે. થોડી જ વારમાં લાખો યુવાનો એક જ ડિજિટલ પ્લેટફોર્મ પર કોઈ કોઝ માટે એકઠા થઈ જાય છે. આ પરિવર્તન ફક્ત ટેકનોલોજી બાબતમાં નથી, તે વિચારસરણીમાં પણ એક ઊંડું પરિવર્તન છે. આજની નવી પેઢી જનરેશન ઝેડ અથવા જેન-જી તરીકે ઓળખાય છે. આ પેઢી સત્તા સામે ઝૂકવા માટે નહીં પરંતુ તેના પર સવાલો ઉઠાવવા માટે જાણીતી છે. પોતાનો અવાજ શાસકો સુધી પહોંચાડવા માટે તેઓ ફક્ત પરંપરાગત પદ્ધતિઓ પર આધાર રાખતા નથી; તેમની પાસે ડિજિટલ યુગનાં નવાં સાધનો છે.

જનરલ ઝેડ અથવા જનરેશન ઝેડ એ ૧૯૯૭ અને ૨૦૧૨ની વચ્ચે જન્મેલા લોકોની પેઢીનો ઉલ્લેખ કરે છે. તેમને ડિજિટલ નેટિવ્સ તરીકે પણ ઓળખવામાં આવે છે, કારણ કે તેઓ ઇતિહાસમાં પ્રથમ પેઢી છે, જે ઇન્ટરનેટ, સ્માર્ટફોન અને સોશિયલ મીડિયાના યુગમાં જન્મી છે. પરંપરાગત ૯થી ૫ની નોકરીઓને બદલે, તે ફ્રીલાન્સિંગ, સ્ટાર્ટઅપ્સ અને વર્ક-લાઇફ બેલેન્સ પસંદ કરે છે અને કોઈપણ સેટ પેટર્નને અનુસરવાને બદલે પોતાની ઓળખ બનાવવામાં માને છે.

ટુ ધ પોઇન્ટ
■ સંજય વોરા ■

વિશ્વભરમાં Gen Z ચળવળોને સમજવા માટેનો સૌથી મહત્ત્વપૂર્ણ પ્રશ્ન એ છે કે મોબાઇલ સ્ક્રીન સામે જોતા ઉછરેલી પેઢી સરકારોને પડકારવા માટે રસ્તાઓ પર કેમ ઊતરી રહી છે? ફક્ત ભારત જ નહીં, નેપાળથી બાંગ્લાદેશ, શ્રીલંકા, ઇન્ડોનેશિયા અને કેન્યા સુધી યુવાનોના ગુસ્સાએ રાજકારણને હચમચાવી નાખ્યું છે. આ આંદોલનોની એક ઉડીને આંખે વળગે તેવી વિશેષતા એ છે કે તે ઘણીવાર સોશિયલ મીડિયા પર ઉદ્ભવે છે, પરંતુ ભારતમાં જંતર-મંતરમાં જોવા મળ્યું તેમ તેમની સાચી શક્તિ ત્યારે પ્રગટ થાય છે જ્યારે ડિજિટલ આક્રોશ શેરીઓમાં છલકાય છે.

કાઉન્સિલ ઓન ફોરેન રિલેશન્સ (CFR)ના વિશ્લેષણ મુજબ હાલના Gen Z વિરોધ પ્રદર્શનોને ફક્ત સરકારવિરોધી વિરોધ પ્રદર્શનો ન ગણવા જોઈએ. આ આંદોલનોએ વારંવાર ભ્રષ્ટાચાર, રોજગાર, શિક્ષણ અને રાજકીય સંસ્થાઓ પ્રત્યે મોહભંગ જેવી ફરિયાદો ઉજાગર કરી છે. નોંધપાત્ર રીતે દરેક દેશમાં જ્યાં Gen Z દ્વારા આંદોલનો થયાં છે, ત્યાં યુવાનોની સમસ્યાઓ સ્થાનિક રહી છે, પણ તેમનો ગુસ્સો અને વિરોધ કરવાની પદ્ધતિઓ મોટા ભાગે સમાન રહી છે.



યુવાનોના નેતૃત્વ હેઠળનાં વિરોધ પ્રદર્શનો આ પહેલાં પણ વિશ્વભરમાં થયા છે. ૨૦૨૦માં થાઇલેન્ડ અને હોંગકોંગમાં થયેલાં વિદ્યાર્થી આંદોલનોએ રાજકીય અધિકારો અને અભિવ્યક્તિની સ્વતંત્રતા જેવા મુદ્દાઓ ઉઠાવ્યા હતા. ૨૦૨૨માં શ્રીલંકાના અરગલયા આંદોલને આર્થિક મુશ્કેલીઓ અને સરકારી નીતિઓ સામે વ્યાપક જાહેર ગુસ્સો દર્શાવ્યો હતો. જોકે, બાંગ્લાદેશના ૨૦૨૪ના આંદોલનને તાજેતરના આંતરરાષ્ટ્રીય જનરેશન ઝેડ વિરોધ પ્રદર્શનોમાં સૌથી મોટું માનવામાં આવે છે. ત્યારબાદ, ૨૦૨૪માં કેન્યા અને ૨૦૨૫માં નેપાળ સહિત ઘણા દેશોમાં યુવા-આગેવાની હેઠળના સફળ આંદોલનોને નવી વૈશ્વિક માન્યતા મળી હતી.

બાંગ્લાદેશમાં જુલાઈ ૨૦૨૪માં વિદ્યાર્થીઓ સરકારી નોકરીઓમાં અનામતનો વિરોધ કરવા માટે રસ્તાઓ પર ઊતર્યા હતા. તેમણે દલીલ કરી હતી કે નોકરીઓ બધાને સમાન રીતે સુલભ નથી. આ વિરોધ ઝડપથી બેરોજગારી, ભ્રષ્ટાચાર અને સરકાર સામે એક વિશાળ જનઆંદોલનમાં ફેરવાઈ ગયો હતો. સરકારનાં કડક પગલાંઓએ આગમાં ઘી ઉમેરવાનું કામ કર્યું અને વિરોધ પ્રદર્શનો વધુ તીવ્ર બન્યાં હતાં. આખરે, ઓગસ્ટ ૨૦૨૪માં તત્કાલીન વડાં પ્રધાન શેખ હસીનાને પદ છોડવાની અને દેશ છોડવાની ફરજ પડી હતી. આ આંદોલને દુનિયાને બતાવ્યું કે જ્યારે વિદ્યાર્થીઓ તેમની માંગણીઓ પર દબાણ લાવવા માટે રસ્તાઓ પર ઊતરે છે અને સામાન્ય લોકો દ્વારા તેમને ટેકો મળે છે, ત્યારે તેમનો અવાજ અકલ્પનીય ઊંચાઈ સુધી પહોંચી શકે છે.

પછી, જૂન ૨૦૨૪માં કેન્યામાં યુવાનોએ સરકાર સામે વિરોધ શરૂ કર્યો હતો. તેનું કારણ સરકારનું નવું નાણાકીય બિલ હતું, જેમાં વિવિધ કર વધારવાનો પ્રસ્તાવ હતો. યુવાનોએ દલીલ કરી હતી કે ફુગાવાના સમયમાં નવા કર લાદવાથી સામાન્ય લોકોની મુશ્કેલીઓ વધુ વધશે. સોશિયલ મીડિયા પર શરૂ થયેલાં વિરોધ પ્રદર્શનો ધીમે ધીમે રસ્તાઓ પર ફેલાઈ ગયાં. પ્રદર્શનો દરમિયાન સંસદ સંકુલમાં પણ હિંસા ફાટી નીકળી. વધતા વિરોધનો સામનો કરીને, રાષ્ટ્રપતિ વિલિયમ રૂટોને બિલ પાછું ખેંચવાની ફરજ પડી. યુવાનોએ માંગણી કરી કે સરકાર કરનો બોજ વધારવાને બદલે ભ્રષ્ટાચારને કાબૂમાં લે અને જાહેર ભંડોળનો વિવેકપૂર્ણ ઉપયોગ કરે.

૨૦૨૫માં નેપાળ જનરેશન ઝેડ ચળવળનું સૌથી અગ્રણી ઉદાહરણ બન્યું. ત્યાંની સરકારે ઘણા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પ્રતિબંધ મૂક્યો, જેને યુવાનોના મોટા વર્ગે અભિવ્યક્તિની સ્વતંત્રતા પરના હુમલા તરીકે જોયો. રાજકીય પરિવારોનાં બાળકોની વૈભવી જીવનશૈલી દર્શાવતી સોશિયલ મીડિયા પોસ્ટોએ પ્રશ્નો ઊભા કર્યા કે રાજકારણીઓનાં બાળકો આટલા બધા વિશેષાધિકારોનો આનંદ કેવી રીતે માણે છે, જ્યારે સામાન્ય યુવાનો તકો શોધવા માટે સંઘર્ષ કરે છે. આનાથી ભ્રષ્ટાચાર અને ભત્રીજાવાદ વિશે ચર્ચાઓ શરૂ થઈ. હિંસક અથડામણો અને અસંખ્ય મૃત્યુ બાદ, તત્કાલીન વડા પ્રધાન કેપી શર્મા ઓલીએ સપ્ટેમ્બર ૨૦૨૫માં રાજીનામું આપ્યું.

ઇન્ડોનેશિયામાં ઓગસ્ટ ૨૦૨૫માં સાંસદોને આપવામાં આવતા લાભો અને ભથ્થાં સામે યુવાનોનો ગુસ્સો ફાટી નીકળ્યો હતો. સાંસદોના ઘરભાડા ભથ્થા અંગે લોકોએ પ્રશ્ન કર્યો કે જ્યારે સામાન્ય જનતા મોંઘવારી અને આર્થિક દબાણનો સામનો કરી રહી છે, ત્યારે પ્રતિનિધિઓને આવા લાભ કેમ મળવા જોઈએ. વિરોધ પ્રદર્શનોને પગલે સરકારને કેટલાક નિર્ણયો ઉલટાવી દેવાની અને કેબિનેટમાં ફેરફાર કરવાની ફરજ પડી હતી. ફિલિપાઇન્સમાં સરકારી ભ્રષ્ટાચાર અને પૂર નિયંત્રણ પ્રોજેક્ટોનો ગેરવહીવટ એક મુદ્દો બન્યો હતો. યુવાનોએ પ્રશ્ન કર્યો કે માળખાગત સુવિધાઓ પર નોંધપાત્ર સરકારી ખર્ચ છતાં પૂર ઘટાડવાનાં પગલાં કેમ બિનઅસરકારક રહ્યાં.

આફ્રિકાના મોરોક્કોમાં પણ આવાં જ વિરોધ પ્રદર્શનો થયાં હતાં, જે સપ્ટેમ્બર ૨૦૨૫ના અંતમાં શરૂ થયાં હતાં, જેમાં નબળી આરોગ્ય અને શિક્ષણ સેવાઓ, બેરોજગારી અને અસમાનતા જેવા મુદ્દાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. અગાદીરની એક હોસ્પિટલમાં બાળકોના જન્મ દરમિયાન આઠ મહિલાઓનાં મૃત્યુથી જાહેર આરોગ્ય પ્રણાલી પર યુવાનોનો ગુસ્સો ભડકી ઊઠ્યો હતો. યુવાનોએ પ્રશ્ન કર્યો છે કે જ્યારે હોસ્પિટલો અને શાળાઓને સુધારવાની જરૂર છે, ત્યારે સરકાર ૨૦૩૦ વર્લ્ડ કપ સંબંધિત પ્રોજેક્ટો પર કેમ ભારે ખર્ચ કરી રહી છે.

ભારતમાં યુવાનોનો ગુસ્સો દિલ્હીના જંતર-મંતર પર પણ પ્રતિબિંબિત થયો હતો. NEET પરીક્ષામાં અનિયમિતતાઓ અને પેપર લીક થવાના આરોપસર વિદ્યાર્થીઓ પહેલી વાર જૂન ૨૦૨૬માં રસ્તા પર ઊતર્યા હતા. પ્રદર્શનકારીઓએ પરીક્ષામાં પારદર્શિતા, આ મામલાની નિષ્પક્ષ તપાસ અને જવાબદારો સામે કાર્યવાહીની માંગણી કરી હતી. મોદી સરકારે પ્રારંભમાં વિદ્યાર્થીઓના આંદોલનની ઉપેક્ષા કરી હતી, પણ તે આંદોલન એટલું પ્રચંડ બની ગયું કે સરકારને પીછેહઠ કરવાની ફરજ પડી હતી. ભારતના રાજકીય પક્ષો અને વિદ્યાર્થી સંગઠનો હવે મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમાર સામે દેશભરમાં મોટા પાયે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. આ આંદોલન જો વધુ ઉગ્ર સ્વરૂપ ધારણ કરે તો દિલ્હીમાં સત્તાપરિવર્તન પણ થઈ શકે તેમ છે.

જો તમે વિશ્વભરમાં Gen Z વિરોધ પ્રદર્શનો પર નજર નાખો, તો તમને સમજાશે કે આ બધાં આંદોલનો વચ્ચે શું જોડાણ છે. Gen Z આંદોલનોનો સૌથી મોટો સંદેશ એ છે કે આજના યુવાનો ફક્ત સારા ભવિષ્યનું વચન જ ઇચ્છતા નથી, તેઓ નક્કર પરિણામો પણ ઇચ્છે છે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**વિશ્વભરમાં Gen - Z ચળવળોને સમજવા માટેનો સૌથી મહત્ત્વપૂર્ણ પ્રશ્ન એ છે કે મોબાઇલ સ્ક્રીન સામે જોતા ઉછરેલી પેઢી સરકારોને પડકારવા માટે રસ્તાઓ પર કેમ ઊતરી રહી છે?**

## BUSINESS મિત્ર

# ઉછાળે વેચવાલીઃ સેન્સેક્સ ઉપલા સ્તરેથી 1200 પોઇન્ટ તૂટ્યો

**ક્રૂડ** ઓઇલ $110 પાર અને ગ્લોબલ તણાવ વચ્ચે ભારતીય શેરબજારમાં ગેપ-અપ ઓપનિંગ બાદ બ્રોડર માર્કેટમાં ભારે કડાકો

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 19:** ભારતીય શેરબજારમાં આજે શરૂઆત તેજી સાથે થઇ હતી. ગિફ્ટ નિફ્ટીમાં મજબૂતાઇના પગલે આજે ભારતીય શેરબજાર ગેપ અપ ઓપનીંગ થયું હતું, પરંતુ આ મજબૂત ઓપનીંગ દરેક ઉછાળે નફાવસુલીના દબાણમાં ઘસાતું રહ્યું હતું અને બપોર સુધીમાં સેન્સેકસ ઉપલા સ્તરેથી 1200 પોઇન્ટ તૂટી ગયો હતો. આજે બ્રોડર માર્કેટમાં પણ ભારે વેચવાલીએ કડાકો બોલાયો હતો. એક બાજું રિલાયન્સ અને આઇસીઆઇસીઆઇ બેન્ક બજારને સંભાળવાનો પ્રયાસ કરી રહ્યા હતા, પરંતુ ઓટો અને બેન્કીગ સેકટરમાં ભારે વેચવાલી ચાલી રહી હતી.

આંતરરાષ્ટ્રીય સ્તરે મીડલ ઇસ્ટના તણાવ અને હોર્મુઝ સ્ટ્રેટસમાં સૈન્ય અશાંતિના કારણે ક્રુડ ઓઇલના ભાવ 110 ડોલરને પાર કરી ગયા છે, જેના લીધે ભારતના આયાત બિલમાં વધારો થવાની દહેશત સેવાઇ રહી છે. તેની સાથે યુએસ બોન્ડ યીલ્ડમાં પણ વધારો બજારને દબાણ હેઠળ રાખી રહ્યો છે.

રોકાણકારોને હજુય સ્થિર માહોલ દેખાઇ રહ્યો નથી, જેના કારણે દરેક ઉછાળે નફાવસુલી કરતા જોવા મળી રહ્યા છે, જેમાં જિયો પ્લેટફોર્મ્સના આઇપીઓની પણ સેકેન્ડરી બજારમાં અસર કરી રહી છે. એફઆઇઆઇની વેચવાલી ચાલુ રહી હતી.

બીએસઇ સેન્સેકસ 143.21 પોઇન્ટ એટલે કે 0.19 ટકા ઘટીને 73709.69 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 74682 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 73229 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. આમ, સેન્સેક્સમાં ઉપલા સ્તરેથી નીચલા સ્તર સુધીમાં 1400 પોઇન્ટની વધઘટ જોવા મળી હતી. નિફ્ટી 77.60 પોઇન્ટ એટલે કે 0.34 ટકા ઘટીને 22811.35 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 23120 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 22649 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 511.20 પોઇન્ટ એટલે કે 0.92 ટકા ઘટીને 55000 પોઇન્ટની સપાટી તોડીને 54976.90 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે એલએન્ડ ટી ટેકનોમાં 28.53 ગણા, ક્રેડિટ એકસેસ ગ્રામીણમાં 19.13 ગણા, સન ફાર્મામાં 3.8 ગણા, ભારતી હેક્ષાકોમમાં 3.73 ગણા, પેજ ઇન્ડ.માં 3.35 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે એલ એન્ડ ટી ટેકનોમાં 67.94 ગણા, ફ્રેકટલ એનાલીટીક્સમાં 33.36 ગણા, ઇન્ડિયા સિમેન્ટમાં 32.59 ગણા, પિરામલ ફાઇ.માં 6.58 ગણા અને ચોલામાંડલમ ફાઇ.માં 4.9 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં વધુ વેચવાલી હાવી રહી હતી. એનએસઇ મિડકેપ ઇન્ડેક્સ 1.58 ટકા અને સ્મોલકેપ ઇન્ડેક્સ 2.16 ટકા ઘટયો હતો, જેના લીધે માર્કેટ બ્રેડથ પણ નબળી રહી હતી. એનએસઇ ખાતે 962 શેરો વધ્યા હતા, જ્યારે 3476 શેરો ઘટયા હતા અને 202 શેરો યથાવત રહ્યા હતા.

નિફ્ટી કન્ઝયુમર ડયુરેબલ ઇન્ડેક્સ 186 ટકા ઘટ્યા હતા. જેમાં ક્રોમ્પ્ટોન ગ્રીવ્સ, ડિકસન ટેકનો, થંગામાઇલ જવેલરી, પીજી ઇલેકટ્રોપ્લાસ્ટ, અંબર એન્ટર, હેવેલ્સ ઇન્ડિયા, એલજી ઇલે., વોલ્ટાસ, વ્હલપુર્લ ઇન્ડિયા અને કજારિયા સીરામીક્સ ઘટયા હતા.

વૈશ્વિક સ્તરે યુરોપિયન શેરોમાં સુધારો જોવાયો હતો. મજબૂત કોર્પોરેટ કમાણીએ સેન્ટિમેન્ટને ટેકો આપ્યો હોવાથી બે અસ્થિર સેશન પછી સ્થિર થયા હતા. ફ્રાન્સમાં રાજકીય ઉથલપાથલ અને યુએસ તકનીકી કમાણી પહેલા સાવચેતી રહી છે. યુકેના ગ્રાહક ભાવ ફુગાવો ઓગસ્ટમાં 3.1 ટકાથી વધીને સપ્ટેમ્બરમાં 3.5 ટકા થયો છે. મીડલ ઇસ્ટમાં ઇરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાગચીએ કહ્યું હતું કે, જ્યાં સુધી વોશિંગ્ટન તેહરાનની શરતોનો સ્વીકાર નહીં કરે ત્યાં સુધી હોર્મુઝ સ્ટ્રેટ્સ બંધ રહેશે. એશિયન બજારોમાં મિશ્ર વલણ રહ્યા હતા. જાપાનની નિકાસ સપ્ટેમ્બરમાં વાર્ષિક ધોરણે 16.7 ટકા વધી હતી. જે સતત 13માં મહિનાની વૃદ્ધિને ચિહ્નિત કરે છે, પંરતુ તે બજારની અપેક્ષાઓ કરતા ઓછી હતી. યુએસની નિકાસમાં 22.9 ટકાનો વધારો થયો છે, જ્યારે ચીનમાં શિપમેન્ટમાં 8.6 ટકાનો વધારો થયો છે. દરમ્યાન જાપાનની વેપાર ખાધ ઘટીને 536.6 અબજ યેન થઇ ગઇ છે.

### રૂપિયો વધુ મજબૂત થયો

કરન્સી બજારમાં રૂપિયો વધુ મજબૂત થયો હતો. ડોલરની સામે રૂપિયો 47 પૈસા વધુ મજબૂત થયો હતો. કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો 47 પૈસા ઉછળીને 94.46ના સ્તરે બંધ રહ્યા હતા. ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 94.93ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 106.13, પાઉન્ડ 125.94, કેનેડિયન ડોલર 67.47, ઓસ્ટ્રેલિયન ડોલર 66.12, જાપાનીઝ યેન 0.૬5981 અને સીંગાપોર ડોલર 73.79ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 94.46 રૂ. |
| યુરો | 106.13 રૂ. |
| પાઉન્ડ | 125.94 રૂ. |
| યેન | 0.5980 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -143.21 | 737709.69 |
| નિફ્ટી | -77.60 | 22811.35 |
| બેન્ક નિફ્ટી | -511.20 | 54976.90 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ઇન્ફોસીસ | 3.30 | 1168.00 |
| એચસીએલ ટેકનો | 3.21 | 1424.20 |
| ટેક મહિન્દ્રા | 3.13 | 1834.70 |
| ટીસીએસ | 2.77 | 2529.00 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 1.87 | 10849.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| બજાજ ફાઇનાન્સ | 3.27 | 926.00 |
| ઇટર્નલ | 2.45 | 312.35 |
| આઇશર મોટર | 2.43 | 7170.50 |
| અદાણી એન્ટર | 2.37 | 2594.50 |
| ભારત ઇલે. | 1.59 | 371.20 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એચસીએલ ટેકનો | 3.40 | 1423.85 |
| ઇન્ફોસીસ | 3.31 | 1167.40 |
| ટેક મહિન્દ્રા | 3.21 | 1835.00 |
| ટીસીએસ | 2.68 | 2527.00 |
| અલ્ટ્રાટેક સિમેન્ટ | 1.80 | 10811.15 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| બજાજ ફાઇનાન્સ | 3.33 | 925.10 |
| ઇટર્નલ | 2.71 | 311.75 |
| ટ્રેન્ટ | 2.32 | 2819.00 |
| એક્સીસ બેન્ક | 2.11 | 1210.80 |
| એનટીપીસી | 1.99 | 302.85 |

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.07 ટકા, કેક 0.68 ટકા અને ડેક્સ 0.80 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે.

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૫૪ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૩૦૪.૫ | ૫૦/૩૬ '' | ૧૬૦ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૭૭.૫ |
| ૩૦/૩૬ એફડી | ૩૧૧.૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૭૭ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૫૭ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૬૮.૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૬૬.૫ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૧૩.૭ |
| ૬૮/૩૬ | ૧૭૦ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૭૨.૨૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૬૬.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૬૫.૫ | ૬૮ ક્રિમ્પ | ૧૬૮.૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૬૨.૪ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૬૬.૫ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૬૩.૫ | ૮૦/૭૨ રોટો | ૧૭૨.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૬૫.૩૭ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૧૧ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૭૭.૫ | ૮૦ ક્રિમ્પ | ૧૬૫.૫ |
| ૮૦/૭૨ રોટો. | ૧૬૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૭૭.૫ | ૮૦/૭૨ રોટો | ૧૬૭.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૬૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૫૮ | ૮૦/૧૦૮ '' | ૧૭૦ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૬૭.૫ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-30 (ભરવાલાયક) | ૫૭૦૦ |
| એમ-30 | ૫૬૦૦ |
| એસ-30 | ૫૫૦૦ |
| **ગુજરાત** | |
| એમ-30 | ૫૫૦૦ |
| એસ-30 | ૫૪૦૦ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૪૮૮૦૦ |
| તેજાબી સોનું | ૧૪૮૭૧૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૧૩૬૦ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૪૫૮૨૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૪૮૮૦૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૧૨૫૦૦ |
| ચાંદી સિક્કા | ૨૧૪૦૦૦ |

# એટી1 બોન્ડ અંગેના ચુકાદા બાદ નોમુરાએ યસ બેન્કનો લક્ષ્યાંક ઘટાડ્યો

**યસ** બેન્કમાં વેચવાલી ચાલુ રહી, એફઆઇઆઇ હોલ્ડીંગ ઘટાડે તેવી ભીતિ

મુંબઇ, તા. 21ઃ ખાનગી ક્ષેત્રની યસ બેન્કના છેલ્લા પાંચ દિવસથી નોંધપાત્ર ઘટાડો જોવા મળી રહ્યો છે અને તેના શેરના ભાવમાં 22 ટકાથી વધુનો ઘટાડો થયો છે. આ વલણ આજે પણ ચાલુ રહ્યું હતું. આજે પણ યસ બેન્કના શેરમાં પાંચ ટકાનો ઘટાડો થઇને રૂ. 16.02ના સ્તરે બંધ રહ્યા હતા, જે બાવન વીકની નીચલા સ્તરે સરકયા હતા. બ્રોકરેજ ફર્મ નોમુરાએ યસ બેન્કના શેર પર તટસ્થ રેટિંગ જાળવી રાખ્યું છે. જોકે, બ્રોકરેજ શેર પર તેની ટાર્ગેટ પ્રાઇસ રૂ. 23થી ઘટાડીને રૂ. 18 કરી દીધી છે. નોમુરાએ કહ્યું કે, યસ બેન્કના રૂ. 8415 કરોડના એટી1 બોન્ડને ફરીથી સ્થાપિત કરવાના સુપ્રીમ કોર્ટના નિર્ણયથી બેન્કની નાણાકીય સ્થિતિ પર મોટી અસર પડી શકે છે. આ રકમ નાણાકીય વર્ષ 2026માં યસ બેન્કના ટેક્સ પછીના નફા કરતા 1.8 ગણી છે. આ નિર્ણયથી બેન્કના કોમન ઇક્વિટી ટાયર-1 રેશિયોમાં હાલના 13.7 ટકાથી લગભગ 230 બેસિસ પોઇન્ટનો ઘટાડો થઇ શકે છે.

નોમુરાએ કહ્યું કે યસ બેન્ક સુપ્રીમ કોર્ટના નિર્ણયનો અભ્યાસ કરી રહી છે અને તે સમજવાનો પ્રયાસ કરી રહી છે કે તે બેન્કને કેવી અસર કરી શકે છે. બેન્ક તેના મુડી સ્તરને જાળવવા માટે સંભવિત પગલાં પર પણ વિચાર કરી રહી છે. તે જ સમયે તે પણ સમીક્ષા કરી રહ્યો છે કે શું તેણે તેના એટી1 બોન્ડ પર ભૂતકાળમાં બાકી વ્યાજ ચુકવવાની જરૂર છે.

નાણાકીય વર્ષ 2027ના બીજા કવાર્ટરમાં બેન્કના શેરહોલ્ડરોની ઇક્વિટીમાં લગભગ 12 ટકાન ઘટાડો થઇ શકે છે. કોર્ટના ચુકાદા બાદ બેન્કના શેરના ભાવમાં લગભગ 20 ટકાનો ઘટાડો થયો છે. કંપનીમાં એફઆઇઆઇનું સૌથી વધુ રોકાણ છે. ટ્રેન્ડલાઇન પર ઉપલબ્ધ ડેટા અનુસાર એફઆઇઆઇ પાસે કંપનીમાં 47.8 ટકા હિસ્સો છે. અન્ય રોકાણકારોમાં આ સૌથી વધુ હિસ્સો છે, જે આવનારા સમયમાં ઘટાડો થવાની ભીતિ સેવાઇ છે.

# ઈટર્નલના પરિણામ જાહેરઃ ઝોમેટોની પેરેન્ટ કંપનીનો નફો 92 ટકા વધ્યો

**કંપનીની** આવક 78 ટકા વધીને રૂ. 24138 કરોડ થઇ, અપેક્ષા કરતા નબળા પરિણામથી કંપનીના શેરમાં ઘટાડો નોંધાયો

નવી દિલ્હી, તા. 21ઃ ઝોમેટો અને બ્લિકીંટની પેરેન્ટ કંપની ઇટર્નલ લિમિટેડે 21 ઓકટોબરના રોજ સપ્ટેમ્બર કવાર્ટરના પરિણામો જાહેર કર્યા હતા. કંપનીનો ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે 92 ટકા વધીને રૂ. 125 કરોડ થયો છે. જોકે, નિષ્ણાતોએ ચોખ્ખો નફો રૂ. 250 કરોડનો અંદાજ લગાવ્યો હતો. ગત વર્ષના સમાન કવાર્ટરમાં કંપનીએ રૂ. 65 કરોડનો નફો નોંધાવ્યો હતો. અગાઉના કવાર્ટર એટલે કે જુન કવાર્ટરમાં નફો 92 કરોડ થયો છે. આમ, અપેક્ષિત કરતા ઓછો નફો જાહેર થતા આજે ઇટર્નલના શેરમાં 3.5 ટકાનો ઘટાડો નોંધાયો હતો.

સપ્ટેમ્બર કવાર્ટરમાં ઇટર્નલની આવક વાર્ષિક ધોરણે 78 ટકા વધીને રૂ. 24138 કરોડ થઇ છે. જે ગત વર્, રૂ. 13590 કરોડની હતી અને ગત કવાર્ટરમાં રૂ. 20211 કરોડની હતી. બીજી તરફ, જેમ કંપનીની આવકમાં વધારો થયો છે, તેની સાથે ખર્ચમાં પણ ઝડપી વધારો થયો છે, જે વાર્ષિક ધોરણે 75 ટકા વધ્યો છે.

## એક અઠવાડિયામાં ટામેટાનો ભાવ 65 ટકા ઘટ્યો

નવી દિલ્હી, તા. 21ઃ ટામેટાના ખેડૂતો બેવડો ફટકો સહન કરી રહ્યા છે. ભારતના સૌથી મોટા જથ્થાબંધ ટામેટા બજારોમંના એક પીપળગાવ ખાતે ભાવમાં તીવ્ર ઘટાડો થયો છે. દુષ્કાળની સ્થિતિએ પણ મુશ્કેલીઓ ઉભી કરી છે. વધુ પડતા પુરવઠા અને નબળી માગ વચ્ચે એક અઠવાડિયામાં ભાવ લગભગ 65 ટકા ઘટીને રૂ. 111 પ્રતિ 20 કિલો થઇ ગયા છે.

છૂટક મોરચે, સોમવારે નાસિકમાં ટામેટા રૂ. 20 પ્રતિ કિલો વેચાઇ રહ્યા હતા, જે એક અઠવાડિયા પહેલા લગભગ રૂ. 40 પ્રતિ કિલો હતું. આનો અર્થ એ થાય કે સરેરાશ 50 ટકા ઘટાડો થયો છે. જથ્થાબંધ ભાવોની અસર છૂટક બજારમાં પ્રતિબિંબિત થવામાં એક કે બે દિવસનો સમય લાગે છે, જો આ વલણ ચાલુ રહેશે, તો આગામી દિવસોમાં છૂટક ભાવમાં વધુ ઘટાડો થવાની ધારણા છે.